વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતા કામોની ટેન્ડર પ્રક્રિયામાં ગુજરાત પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલમાં દર્શાવેલ જોગવાઇ મુજબની કાર્યવાહી કરવા તકેદારી રાખવા બાબત

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક અડટ/૧૦/૨૦૧૩/આઇબી-૧૭૯/૯-ક
નર્મદા જળ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૩/૮/૨૦૧૩

<u>પરિપત્ર</u> -

વિભાગ હેઠળની કાર્યપાલક ઇજનેરશ્રીઓની કચેરીઓ ધ્વારા અલગ અલગ કામો હાથ ધરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. આ પ્રક્રિયા ગુજરાત પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલમાં દર્શાવેલ જોગવાઇ અનુસાર કરવાની હોય છે. પરંતુ આ પ્રક્રિયાના ભાગરૂપ કરવામાં આવતી કાર્યવાહી દરમ્યાન ઘણા કિસ્સાઓમાં જોવા મળેલ છે કે કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા ટેન્ડરના દસ્તાવેજો આખરી કરતી વખતે અથવા તો ટેન્ડર ખોલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ત્યારે ટેન્ડર દસ્તાવેજો જેવા કે શીડયુલ-બી, શરતો, સ્પેસીફીકેશન વિગેરેમાં કરવામાં આવતા સુધારા, ઓવરરાઇટીંગ કે જે તે જોગવાઇ રદ કરતી વખતે કા.ઇ.શ્રી દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવતા નથી. જેને લીધે કામની અમલવારી દરમ્યાન કાયદાકીય ગુચ ઉભી થાય છે. તેટલું જ નહીં પણ નાણાકીય અનિયમિતતા પણ ઉભી થાય છે. તેવું ન બને તે માટે તમામ સંબંધિત અધિકારીઓએ ગુજરાત પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલમાં દર્શાવેલ નીચે મુજબની જોગવાઇનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

<u>**Non attestation of the tender documents.**</u>
GPW.Manual Para 201(A) stipulates that "with a view to avoid the possibility of legal complications and also subsequent tampering with the tender documents all the corrections made in the tender should be attested and numbered on each page with dated initials by the officers at the time of opening that tenders and got invariably attested by the tenders before acceptance of tenders.

ઉપર જણાવેલ જોગવાઇનું ચુસ્તપણે પાલન થાય તે અંગેની સંબંધિતોને સુચના આપવામાં આવે છે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

3. સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ હેઠળના.

**નકલ રવાના -**

૧. સર્વે પ્રોજેકટ શાખા

૨. સીલેકટ ફાઇલ